# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫/ક્વા-૪/૧૯-૨૦/૧૨૭૩-૫** તા. 28.0૨.૨0૨0

૨00૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.0૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.0૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: વૈશાલી એન્ટરપ્રાઈઝ , ગામ - દરેડ **સબડીવીઝન** : જીઆઇડીસી જામનગર
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર શહેર-૨
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રીમતી એમ.આર. વૈષ્ણવ પીજીવીસીએલ વિભાગીય કચેરી-જામનગર શહેર-૨

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૧૯-0૨-૨0૨0 (બુધવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા. ૧૯-0૨-૨0૨0 (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓએ બીનજરૂરી પોલ ખસેડવા માટે તા.0૭–૧૨–૧૭ ના રોજ રૂ.૩૩,૨૦૦/– રસીદ નંબર: ૨૦૭૧૧૪ થી ભરપાઈ કરેલ છે. જે અન્વયે – ફક્ત ટ્રાન્સફોર્મર સ્થળાંતર ની અધુરી કાર્યવાહી કરાયેલ છે. આમ, નડતરરૂપ વીજપોલ શીફટીગ ન થવાથી – અકસ્માત થવાની શકયતા હોય – જરૂરી શીફટીગ કરી આપવા – અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર શ્રી**

**વૈશાલી એન્ટરપ્રાઇઝ મું.દરેડ દ્વારા ફોરમ સમક્ષ તા. ૨૫.૧૨.૨૦૧૯ ના રોજ ફરિયાદ અરજી કરેલ છે. સદર ફરિયાદની જાણ જીઆઇડીસી પેટા વિભાગને કરવામાં આવતા તેઓએ અરજદારને જીઆઇડીસી પેટા વિભાગના પત્ર નં. આઇએસડી/ટેક/રેવ/૧૮/૧૦૫ તા.૨૦.૦૧.૨૦ થી જણાવેલ કે જે તે સમયે અરજદાર દ્વારા ભરવામાં આવેલ રકમ મુજબ અરજદારને નડતરરૂપ ટ્રાન્સફોર્મર સ્થળાંતરીત કરવામાં આવેલ હતું જે પોલ અરજદાર બિનજરૂરી જણાવે છે તે તેઓને નડતરરૂપ છે તે બાબત પેટા વિભાગનો કયારેય સંપર્ક કરેલ ન હતો. અરજદાર દ્વારા ફોટોગ્રાફમાં દર્શાવેલ બિનજરૂરી વીજ પોલ પર ગ્રાહકના વિજ્જોડાણની સર્વિસ લાગેલ હતી તે વીજ પોલ પણ દુર કરી અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ હતો.**આમ અરજદારની ફરિયાદ નું સુખદ નિવારણ થતા અરજદાર ની સહીવાળું સમાધાન પત્ર તા.૧૧.૦૨.૨૦૨૦ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

**:: હુકમ ::**

૪.0 ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે **પેરા નં ૨.0** અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં.૩.0 મુજબ અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૧.૦૨.૨૦૨૦ થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |